પ્રસાર ભારતી

સમાચાર વિભાગ,આકાશવાણી, અમદાવાદ

Date: 23-11-2026 **Evening: 7.50 TO 8.00**

Day: MONDAY **National News**

આકાશવાણી સમાચાર પ્રવેશ અડિએચા વાંચે છે.

****

1) ભારત અને નેપાળ વચ્ચે આઠ સમજૂતી કરાર પર હસ્તાક્ષર.
2) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું, ભારત અને નેપાળના સંબંધ પારિવારિક આત્મિયતા અને અતૂટ વિશ્વાસના છે.
3) પુનઃનિર્માણ અને લાંબાગાળાના વિકાસને મજબૂત કરવા નેપાળને 24 હજાર કરોડ રૂપિયાની મદદ માટે ભારતની જાહેરાત.
4) કેન્દ્રીય કૃષિમંત્રી શિવરાજસિંહ ચૌહાણે કહ્યું, સરકારના પ્રયાસોથી દેશમાં 50 કરોડ લોકોને અત્યંત ગરીબીમાંથી બહાર કાઢવામાં સફળતા મળી.
5) રેલવે મંત્રાલયે જણાવ્યું, આવતા વર્ષે મે મહિના સુધી સુરત-બિલિમોરા વચ્ચે બૂલેટ ટ્રેનનું પરીક્ષણ શરૂ કરાશે.

****

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

REV NEW PM NEPAL BILATERAL – 1

ભારત અને નેપાળે આજે વિવિધ ક્ષેત્રના સહકાર માટે આઠ સમજૂતી કરાર પર હસ્તાક્ષર કર્યા. તેમાં સ્વાસ્થ્ય, પરંપરાગત, ચિકિત્સા, ઉપગ્રહ સંચાર નેટવર્કની સ્થાપના, ક્ષમતા નિર્માણ તાલીમ કાર્યક્રમ, ટકાઉ શહેરી વિકાસ શિક્ષણ અને સંશોધન તથા મત્સ્ય વિકાસ સાથે સંબંધિત સમજૂતી કરાર સામેલ છે. નવી દિલ્હીમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને નેપાળના પ્રધાનમંત્રી બાલેન્દ્ર શાહ વચ્ચે થયેલા સંવાદ બાદ આ કરાર પર હસ્તાક્ષર કરાયા.

શ્રી મોદીએ સંયુક્ત પ્રેસ નિવેદનમાં જણાવ્યું, ભારત અને નેપાળના સંબંધ માત્ર પડોશી દેશના નહીં, પરંતુ પારિવારિક આત્મિયતા અને અતૂટ વિશ્વાસના છે.

(BYTE: NARENDRA MODI, PRIME MINISTER) CULTURE

(भारत और नेपाल का रिश्ता केवल पड़ोस का नहीं, बल्कि अपनेपन और अटूट विश्वास का रिश्ता है। हमारी खुशियां साझी हैं, हमारी चुनौतियां भी। हम एक दूसरे की प्रगति में साथी हैं और मुश्किल समय में एक दूसरे का सहारा भी। भारत और नेपाल के संबंध साझा इतिहास, आस्था, संस्कृति और गहरे पीपल टू पीपल टाइज़ के धागों से बुने हैं। भगवान राम और माता सीता हमारी साझा सभ्यता और आस्था की पहचान हैं।)

પ્રધાનમંત્રીએ આ વર્ષે ઑગસ્ટમાં નેપાળમાં આવેલા વિનાશક પૂરના કારણે થયેલી જાનહાનિ પર શોક વ્યક્ત કર્યો હતો.

(BYTE: NARENDRA MODI, PRIME MINISTER) 24 CR

(अगस्त में नेपाल में आई भीषण बाढ़ से हुई जनहानि के लिए हम गहरी संवेदना व्यक्त करते हैं और आज नेपाल के पुनर्निर्माण और दीर्घकालिक विकास को नई मजबूती देने के लिए हम 24 हजार करोड़ नेपाली रुपए के डेवलपमेंट कोऑपरेशन पैकेज की घोषणा करते हैं।)

REV NEW PM NEPAL BILATERAL – 2

નેપાળના પ્રધાનમંત્રી બાલેન્દ્ર શાહે કહ્યું, ભારત, નેપાળનું વિશ્વાસપાત્ર ભાગીદાર છે અને બંને દેશ વચ્ચેનો વિશ્વાસ હિમાલય જેટલો ઉંચો છે. તેમણે કહ્યું, સંકટ સમયે ભારત હંમેશા સૌથી પહેલા મદદ માટે આગળ આવ્યું છે. તેમણે બંને દેશ વચ્ચે હવાઈ સંપર્ક વધારવાની આવશ્યકતા પર પણ ભાર આપ્યો.

આ સંવાદ બાદ બંને દેશના પ્રધાનમંત્રીઓએ રેલવે ટેક્નોલૉજીનું પ્રદર્શન અને ગતિશક્તિ પૉર્ટલ અંગે પ્રસ્તુતિ નીહાળી. ઉપરાંત બંને મહાનુભાવોએ અયોધ્યા અને જનકપુર વચ્ચે સરયૂ–કમલા એક્સપ્રેસ રેલવે સેવાને સંયુક્ત રીતે રવાના કરી. ત્યારબાદ નેપાળના પ્રધાનમંત્રી બાલેન્દ્ર શાહે રાષ્ટ્રપતિ ભવનમાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ સાથે મુલાકાત કર હતી.

PM SHABAD KIRTAN

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી નવી દિલ્હીમાં ઉપરાજ્યપાલ તરણજિતસિંહ સંધુના નિવાસસ્થાન લોકનિવાસ ખાતે આયોજિત શબદ-કીર્તનમાં સહભાગી થયા. આ પ્રસંગે શ્રી મોદીએ ગુરુ નાનક દેવજીના પ્રકાશ પર્વ નિમિત્તે તમામ દેશવાસીઓને હાર્દિક શુભકામનાઓ પાઠવી. સાથે જ ગુરુનાનક દેવજીને સાદર નમન કર્યું. તેમણે કહ્યું, ગુરબાણી અને કીર્તનએ આધ્યાત્મિક સાધના અને જ્ઞાનનો માર્ગ છે. શ્રી મોદીએ આ વર્ષના પ્રકાશ પર્વને વિશેષ મહત્વનો ગણાવ્યો.

(BYTE: NARENDRA MODI, PRIME MINISTER)

(इस वर्ष का प्रकाश पर्व एक और पवित्र स्मृति के साथ आया है। इस साल श्री गुरु तेग बहादुर जी की शहादत के 350 वर्ष पूरे हुए हैं। दिल्ली की इसी धरती पर इस देश की पहचान की रक्षा के लिए आस्था, विश्वास और मूल्यों के लिए गुरु साहिब ने अपनी शहादत दी थी। उस घटना को 350 वर्ष बीत गए हैं, लेकिन भारत की मिट्टी में देश के कण-कण में उस शहादत की प्रेरणा आज भी रची बसी है।)

MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી **Youtube** ચેનલ **A.I.R.** ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/**GU** અને અમારા એક્સ હેન્ડલ **A.I.R.** ન્યૂઝ અન્ડરસ્કોર **ABAD** ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

SHIVRAJ POVERTY

કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રી શિવરાજસિંહ ચૌહાણે કહ્યું, સરકારના પ્રયાસોથી દેશમાં 50 કરોડ લોકોને અત્યંત ગરીબીમાંથી બહાર કાઢવામાં સફળતા મળી. ભારતમાં ગરીબી ઘટાડવામાં ખેતીની ભૂમિકા અને યોગદાન વિષય પર આધારિત કાર્યશાળાને સંબોધતા શ્રી ચૌહાણે કહ્યું, આ સિદ્ધિમાં કૃષિ ક્ષેત્રની ભૂમિકા નોંધપાત્ર રહી છે.

શ્રી ચૌહાણે કહ્યું, વિશ્વ બેન્કના તાજેતરના અહેવાલમાં પણ આનો ઉલ્લેખ કરાયો, જેમાં દેશમાં ગરીબી ઘટવાની ઝડપથી ગતિનો સ્વીકાર કરાયો છે. તેમણે આ દિશામાં યોગદાન બદલ ખેતીના અધિકારીઓ, સંશોધનકર્તાઓ અને અન્ય સંબંધિત પક્ષોને અભિનંદન પાઠવ્યા.

IFFI GOA OVERALL

ગોવામાં આયોજિત 57મા આંતર-રાષ્ટ્રીય ભારતીય ફિલ્મ મહોત્સવ – ઈફ્ફીનો ચોથો દિવસ સિનેમાની વિવિધતાથી ભરપૂર છે. મહોત્સવમાં શાંતિ, કરુણા અને આંતર-સાંસ્કૃતિક સમજ જેવા વિષય પર આધારિત ફિલ્મનું પ્રદર્શન કરવામાં આવી રહ્યું છે. આજના મહોત્સવનું મુખ્ય આકર્ષણ પ્રતિષ્ઠિત આઈસીએફટી-યુનેસ્કો ગાંધી ચંદ્રક માટેની સ્પર્ધા છે. તેમાં 10 ભારતીય અને આંતર-રાષ્ટ્રીય ફિચર ફિલ્મો આ સન્માન માટે સ્પર્ધા કરી રહી છે.

પસંદગી પામેલી ફિલ્મોમાં ત્રણ ભારતીય ફિલ્મો – કબીર સિર કા આખિરી પાઠ, સ્કૉલ એૅર સેવર મિચ્છરની સાથેસાથે સાત આંતરરાષ્ટ્રીય ફિલ્મ સામેલ છે. જ્યારે અસમિયા ફિલ્મનિર્માતા અંતરા જી. જી. ચૌધરીએ આજે ઇન્ડિયન પેનોરમા ખંડમાં પોતાની પહેલી નિર્દેશિત ફિલ્મ સૂર્યમુખીની પસંદગી અંગે આનંદ અને આભાર વ્યક્ત કર્યો. આ વર્ષે મહોત્સવમાં સિનેમાની તમામ માટે સરળ બનાવવા પર વિશેષ ભાર અપાઈ રહ્યો છે. સ્વયમ્ ફિક્કી 2026ને દિવ્યાંગજનો માટે વધુ સરળ અને સમાવેશી બનવવાની જવાબદારી સંપૂર્ણપણે નિભાવી રહ્યા છે.

RAILWAY

ભારતીય રેલવે આવતા વર્ષે મે મહિના સુધી સુરત-બિલીમોરા વચ્ચે 50 કિલોમીટર લાંબા રેલવે ખંડ પર બૂલેટ ટ્રેનનું પરીક્ષણ શરૂ કરશે. રેલવે મંત્રાલયના જણાવ્યા મુજબ, આ ખંડ પર સ્વદેશી ટ્રેનસેટનો ઉપયોગ કરાશે, જે 280 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપથી દોડશે. સૂત્રોના જણાવ્યા મુજબ, મુંબઈ-અમદાવાદ બૂલેટ ટ્રેન પરિયોજનાના પહેલા તબક્કામાં સુરતથી વાપી વચ્ચે ટ્રેન સેવા વર્ષ 2027 સુધીના અંત સુધી શરૂ થશે.

આ વર્ષે દુર્ગા પૂજા, દિવાળી અને છઠના તહેવારો દરમિયાન અંદાજે 18 હજાર વધુ ટ્રેન દોડાવવામાં આવી. જ્યારે ગયા વર્ષે આ સંખ્યા અંદાજે 12 હજાર હતી. બીજી તરફ, બે વર્ષ પહેલા યાત્રિઓ માટે શરૂ કરાયેલી હૉલ્ડિંગ એરિયા બનાવવાની પહેલને આ વખતે કાયમી વ્યવસ્થાનું સ્વરૂપ આપી દેવાયું છે.

WHATSAPP USER ADVISORY

ગૃહ મંત્રાલય દ્વારા લોકોને વ્હોટ્સએૅપ વેૅબનો ઉપયોગ કરતા સમયે સાવચેત રહેવાની સલાહ અપાઈ. ભારતીય સાયબર ગુના સંકલન કેન્દ્ર – I.C.C.C.એ આ મામલે એક માર્ગદર્શિકા જાહેર કરી. I.C.C.C.ના વિશ્લેષણ એકમે આશંકા દર્શાવી છે કે, વ્હોટ્સએૅપ વેૅબના પ્રમાણિત સત્રનો દુરુપયોગ કોઈના વ્હોટ્સએૅપ ખાતામાં અનધિકૃત મેળવવા માટે થઈ શકે છે.

માર્ગદર્શિકા મુજબ, આ પ્રકારના અનધિકૃત એૅક્સેસથી સાયબર ગુનેગારો કોઈ પણ સંદેશ વાંચવાની સાથે-સાથે તેની ઓળખનો ઉપયોગ કરીને સંદેશ મોકલી શકે છે. આ ઉપરાંત તેઓ સંપર્કો અને ગૃપ ચેૅટનો પણ એૅક્સેસ મેળવી શકે છે. તેના માધ્યમથી છેતરપિંડી, ફિશિંગ અને સોશિયલ એન્જિનિયરિંગ જેવા સાયબર ગુનાઓ થઈ શકે છે.

માર્ગદર્શિકામાં લોકોને કમ્પ્યૂટર પર વ્હોટ્સએૅપ વેૅબના માધ્યમથી સત્તાવાર કે સંવેદનશીલ કામ કરવા અને સરકારી, સંગઠનાત્મક, નાણાકીય અને ગુપ્ત માહિતી આપવાથી બચવાની પણ સલાહ અપાઈ છે.

CBI FUGITIVE

કેન્દ્રીય તપાસ સંસ્થા – CBI-એ વૉન્ટેડ ભાગેડુ ગુનેગાર આશિષ કુમારને આજે કઝાખસ્તાનથી ભારત પ્રત્યાર્પણ કરવામાં સફળતા મેળવી. વિદેશ અને ગૃહ મંત્રાલય તથા હરિયાણા પોલીસના સંકલન સાથે આ કાર્યવાહી હાથ ધરાઈ. CBI-એ જણાવ્યું, હત્યાના ગુનામાં વૉન્ટેડ આશિષ કુમાર મામલે હરિયાણા પોલીસે કેસ નોંધ્યો હતો.

આશિષ વિરુદ્ધ આ વર્ષે સપ્ટેમ્બરમાં ઇન્ટરપોલના માધ્યમથી રેડ કૉર્નર નૉટિસ પણ જાહેર કરવામાં આવી હતી. CBI-એ વધુમાં જણાવ્યું, કઝાખસ્તાનના અલમાટીમાં આશિષનું લૉકેશન જણાયું હતું. આશિષને આજે નવી દિલ્હી લાવ્યા બાદ હરિયાણા પોલીસના અધિકારીઓને સોંપી દેવાયો.

WEATHER

હવામાન વિભાગે આગામી પાંચ દિવસ તમિળનાડુ, પુડુચેરી અને કરાઈક્કલમાં ભારે વરસાદની આગાહી કરી છે. આંધ્રપ્રદેશ અને આંદામાન-નિકોબાર ટાપુ સમૂહમાં આજે ભારે પવન ફૂંકાવવાની અને ઝાપટાં પડવાની સંભાવના છે.

જ્યારે બિહાર, પૂર્વ ઉત્તરપ્રદેશ, ઝારખંડ, નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ, ત્રિપુરા અને ઓડિશામાં આજે ગાઢ ધુમ્મસ છવાઈ શકે છે.

BHUPENDRA YADAV WILDLIFE

પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રી ભૂપેન્દ્ર યાદવે અગ્રીમ હરોળના કર્મચારી અને સ્થાનિક સમુદાયને ભારતના વન્યજીવ સંરક્ષણ પ્રયાસની કરોડરજ્જૂ ગણાવ્યા. નવી દિલ્હીમાં રાષ્ટ્રીય વન્યજીવ બૉર્ડની સ્થાયી સમિતિની 92-મી બેઠકમાં શ્રી યાદવે આ વાત કહી. આ સમિતિએ જોડાતા કુદરતી રહેઠાણો, સમૃદ્ધ વન્યજીવ વિષયવસ્તુ અંતર્ગત ઉજવવામાં આવી રહેલા વન્યજીવ સપ્તાહ 2026ના અહેવાલ અંગે વિચાર કરાયો.

બેઠક દરમિયાન શ્રી યાદવે વન્યજીવ સપ્તાહ 2026 દરમિયાન કરાયેલી પહેલોનો ઉલ્લેખ કર્યો.

મંત્રાલયે જણાવ્યું, બેઠકનો વિષય સમુદ્રી સંરક્ષણ હતો. આ બેઠક દરમિયાન સમુદ્રી જૈવ વિવિધતા સંરક્ષણ સંબંધિત મંત્રાલયની સંરક્ષણ પહેલોને ઉજાગર કરતા અનેક પ્રકાશન જાહેર કરાયા.